मुनि महाराज श्री धन्यविजयजी विरचित

वर्त्तमानचोविशी

એટલે જેનાઅંદર. નરઘા, મૃદંગ, ઢોલક, પખાજ, સિ-
તાર, સુંદરી, સારંગી, કોનસર્ટિના, એકોર્ડિયન હારમો-
નિયમ, પાનો. ક્લારીનેટ, ઘુઘરા, રસદાંડિયા,
રસિકરાસ, વિગેરેમાં ગવાતાં. મોરબી, વાકાનેર,
અમદાવાદ, મુંબઈ વિગેરે પ્રસિદ્ધ સ્થળોના ના-
ટકોના જેવાં નવાં રાગરાગણીથી ભરપુર.
તમામ. જૈન. ગાયનો. ખાસ જૈની બા-
ળકોને. ગાવાને માટેજ.

શ્રી વિરપુરના સંઘ તરફથી

પ્રસિદ્ધ કરનાર,

શાહ. લલ્લુ વલ્લભ પીલેરાવાળા.

(વિરમગામશ્રીસુધર્મપ્રકાશસભાના વહીવટકર્તા.

અમદાવાદ યુનિયનમુદ્રાયંત્ર કંપની,
લિમિટેડમાં મુદ્રિત કરાવી.

સંવત ૧૯૫૨. સને ૧૮૯૬.

કિમત ૦ આનો.

૬૩૬૦

मुनि महाराज श्री धन्यविजयजी विरचित

वर्त्तमान चोविशी.

થિરપુરના શ્રી સંઘ તરફથી

પ્રસિદ્ધ કર્તા,

શાહ લલ્લુ વદયમ ધોલેરા વાળા.

અમદાવાદ.

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ, કંપની લિમિટેડ.

કિંમત બે આના.

मुनिमहाराज श्री धनविजयजी विरचित.

वर्त्तमानचोवीशी.

પ્રથમ ચૈત્ય વંદન કરવાની વિધિ લિખિયે છીયે.

પ્રથમ ત્રણ ખમાસમણાં દઈને પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં. ઇચ્છં, પછી ચૈત્યવંદન, જંકિંચિ, પછી બે હાથ જોડી નાસિકા સુધી ઊંચા રાખી નમુથ્થુણં કહેવું, જાવંતી ચેઇઆઇ, ખમાસમણું દેઈ જાવંત કેવિ સાહૂ પછી "નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ" પછી સ્તવન કહેવું પછી બે હાથ જોડી માથા સુધી ઊંચા રાખી જયવિયરાય પુરા કરવા. પછી ઉભા થઈ અરિહંત ચેઇઆણં કરેમિકાઉસગ્ગં અનથ્થ ઉસસિએણં કહી કાઉસગ્ગ એક નવકારનો કરી પછી નમો અરિહંતાણં, નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય, સર્વ સાધુભ્યઃ કહી એક થોય કહેવી; એ સામાન્ય વિધિ જાણવો. વિશેષ વિધિ ત્રણ તથા છ, ચ્યાર તથા આઠ સ્તુતિથી કરવી.

શ્રી મંગલાચરણ.

આજે આનંદ અમતમ ઘેર, સંઘમાં સઘળે લીલા લ્હેર;
ભક્તિ રાવણ રાજા ઘેર, કીજે લીજે શિવપુર સ્હેર. ટેક
[1]ઋષભ [2]અજિત [3]સંભવ [4]અભિનંદન, [5]સુમતિ [6]પદ્મ છોગ્યારા;

[૭]સુપાર્શ્વ [૮]ચંદ્ર [૯]સુવિધિ [૧૦]સિતલ, [૧૧]શ્રેયાંશ સોહે સારા. આજે.
[૧૨]વાસુપુજ્ય [૧૩]વિમળજિનવંદા [૧૪]અનંત [૧૫]ધર્મ થઈ પ્રેમી
[૧૬]સાંતી [૧૭]કુંથુ [૧૮]અર [૧૯]મલ્લીપ્રભુ; [૨૦]મુનિસુવ્રત [૨૧]નમિ [૨૨] નેમિ
[૨૩]પાર્શ્વનાથને [૨૪]વીરવદીયે, શ્રી સોહમ ગણધારી;
વિજય વિજયવસુવિજય કરીને, વરિયા પંચમનારી. આજે
સજી લલુતા તનમનધનથી, અમો બાલકો આજે;
અમન ચમનથી સંગિત સાજે, નમિયે જૈન સમાજે આજે

---

૧ ઋષભદેવ.

નમુ સેના સુત સંભવને (એ રાગ)

નમુ નિત્યે નન નાભિ નને,
મરૂદેવા મન મોહન તનછો, વૃષભ લંછન વહાલા;
આદિશ્વર, જીનરવર, સેવું શુદ્ધ મને. નમુ
અમે છઈએ અજ્ઞાન, તમે ગુરૂ ગુણવાન;
શશિ સૂરજ સમાન, હરીદિયો ધિયાદાન;
વિનિતા વાસી તું અવિનાશી, પરિહરજે પરિતાપો;
કાપો દુઃખ, આપો સુખ, અવિચલ અમને. નમુ.
તારો અજરામર આજ, સારો સેવકનાં કાજ;
તમે સ્વામી શિરતાજ, નમે સોહમ સમાજ;
ધારી ધન્ય મુનિ પદ સારી, શિવનારી સોહાવી;
ભાવિ રીત, નમુ નિત્ય, સજી સૂમતિને. નમુ.

૨ અજિતનાથ.

મહાવીર ધરૂં ધીર હવે તારે તો તું (એ રાગ)

નમુ નિત્ય ધરિ પ્રિત્ય તાત તુંને અજિત,
તુંને અજિત તાત તુંને અજિત. નમુ.
પુરિ અયોધ્યા આપે ઓપાવી; વિજિયા વલ્લભ ખટક્ે ખચિત. નમુ
જિતશત્રુ તન છો જગજિવન; જિતિઅરિને જમાવી છે જિત. નમુ.
ધારી નારી શિવ અમને વિસારી; ગજ લંછન ગુરૂ ક્યાંનિએ રિત. નમુ.
અર્ભકો આજે તન મન ધનથી. ગાયે મોહમ ગીત સાથે સંગિત. નમુ.
સમત શિખર પર સિદ્ધ સિધાવ્યા, ધન્ય મુનિ સમુદાયા સહિત. નમુ.

---

૩ સંભવનાથ.

શશિ સમ સુરત સારી, સેવો સુમતી સુખકારી. (એ રાગ)

હું ગાવું (૨) પ્રાણથી પ્યારૂં, ખરૂં સંભવ સમરણ તારૂં. ટેક.
નયરિ સાવથિ સારી, સેનાસુત હય ચિન્હ ધારી, જિતારિ કુલ જયકારી,
કરી અડ ઘાત, વરી શિવ તાત; ખરી એ વાત; ધ્યાનમાં ધારૂં. ખરૂં.
હવે ખલક થઇ છે ખારી, તમે તનમનથી લ્યો તારી. લેખી અરભક લાચારી.
સુધારી કાજ; વધારો લાજ; મોહમ શિરતાજ; મુનિ ધન ધારૂં. ખરૂં

---

૪ અભિનંદન.

આદિ જિનંદા, નાભિકે નંદા; જગવંદન જયજયકરજે (એરાગ)

છે સુખકંદન, કર્મનિકંદન; અભિનંદન વંદન તારૂં. ટેક.
સિદ્ધારથા તન છો મન મોહન; કપી લંછન પ્રભુને પ્યારૂં. અહા. છે

કામ કુંવર છો સુત સંવરના; રાગ રહિત રતિ પતિ ધારૂં. આહા. છે.
અયોધ્યાવાસી છો અવિનાશી; તાત તમે તન મન મારૂં. આહા. છે.
સોહમ સમાજે બાળકો આજે; નમન કરે નિતહિતસારૂં. આહા. છે.
તારી ત્રિભુવન સિદ્ધિ સિધાવ્યા; ધન મુનિ ખલકકરી ખારૂં. આહા. છે.

---

૫ સુમતિનાથ.

બલી જાય એવું રાજ કાજ જેમાં કનિષ્ટ કસાઇના (એ રાગ)

સેવો સુમતિ જિનંદ ચંદ, કુમતિ કાપીને આપે સુમતિ. ટેક.
ધર્યું ક્રૌંચ લંછન તાત, કરી અયોધ્યા ખ્યાત;
પ્રભુ મંગલા છે માત, મેઘરાય થાય તાત. સેવો.
ચાલીલાખ પુર્વાયુષ્ય, કાયા ત્રણુસેં ધનુષ્ય;
સુણી વાણી થાય ખુશ, તીરી સુર ને મનુષ્ય. સેવો.
ધર્યું અવિચળ ધામ, પામી પ્રભુતા તમામ;
થયા સોહમના સ્વામ, ધરી ધન મુનિ હામ. સેવો.

---

૬ પદ્મપ્રભુ.

ધર્યો માથે મુગટ વિશાળમતિ, થયો હર્ષ અતી. (એ રાગ)

અમો આજે (૩) આનંદ આનંદ ધરી,
ગાઇયે ગીત ફરી, અતિ હર્ષ કરી. અમો આજે. (૨)
કામણગારા છો કોસંબી રાયા, સુસીમાંધર તણા જિવન જાયા;
પદ્મ લંછન પ્રભુ પ્રીતથી પાયા, કાયા અઢીસેં ધનુષ્ય ધરી,
અતિ હર્ષ કરી, ગાઇયે ગીત ફરી, અમો આજે (૨)

પૂરણ પદ્મ પ્રભુજી છો પ્યારા, હૈયાના હારને આંખ્યોના તારા;
નજરથી નહિ કરૂં નાથજી ન્યારા, ધારા તમારાથી આવું તરી.
અતિ હર્ષ કરી, ગાઇયે ગીત ફરી, અમો આજે (૨)
સ્નેહ સુધર્મની શોધીને બારી, તાત તમે તો તર્યા કેઈ તારી;
ધન ધન ધન્ય મુનિપદ ધારી, સારી નારી વધુ શિવ વરી,
અતિ હર્ષ કરી, ગાઇયે ગીત ફરી, અમો આજે (૨)

---

૭ સુપાર્શ્વનાથ.

વાહ વાહ વા'લો વરિયા છે એવું તે શું (એ રાગ)

ધરી આશને સુપાસ પાસ ચાલો ચાલો,
ચાલો ચાલોરે ઝટ ચાલો ચાલો. ધરી.
વાસી વણારસીને સ્વસ્તિક લંછન, પ્રતિષ્ટ પૃથ્વીનો લા'લો લા'લો. ધરી.
કેશર ચંદન ધરી પ્રેમેથી પુજો, કંઠે કુસુમ ઘણા ઘાલો ઘાલો. ધરી.
આવ્યા અમે આશ ધારી તમારી, હેતેથી હાથ નાથ ઝાલો ઝાલો. ધરી.
સુમતિ ગુણી તણો સાગર શોધ્યોતમે, પ્રેમેથી પાવએકપ્યાલો પ્યાલો. ધરી.
સારી સોહમ ધારી ધન્ય મુનિપદ, મુક્તિ વધુને વધુ વા'લો વા'લો. ધરી.

---

૮ ચંદ્રપ્રભુ.

નિર્ખિજિન ઇંદ્ર ચંદ્ર, ચંદ્ર છબી વાહ વાહ. (એ રાગ)

ચંદ્રપુરિ ચંદ્રચિન્હ, ચંદ્ર વિજય વાહ વાહ. ટેક
લક્ષ્મણા છે ખલક ખ્યાત,—માત. મહાસેન તાત;

જક્ષિણી ભ્રકુટી સાથ, જક્ષ વિજય વાહ વાહ. ચંદ્ર.
વાણી સુણ્યે વિઘ્ન જાય, ધનુષ્ય દોઢ શતક કાય;
પુર્વાયુષ્ય દસક પાય,—લક્ષ વિજય વાહ વાહ. ચંદ્ર.
ભવન જિવન ભજન હુંશ, નમન અમન ચમન ખુશ;
તીરી સૂરને મનુષ્ય,—રક્ષ વિજય વાહ વાહ. ચંદ્ર.
અભંકો આ તુજ આશ, રાખેછે સોહમ્ પ્રકાશ;
ધન્ય વિજય દિવસ માસ, પક્ષ વિજય વાહ વાહ. ચંદ્ર.

---

૯ સુવિધિનાથ.

તક તક મારે નજરીયારામ (એ રાગ)

કેવી સુરત સોહે સુવિધિ સ્વામ;
પ્યારે પ્યારે નયનાપે વારિ વારિ આમ. કેવી.
સુગ્રીવ છબીલાના પિતાજી પ્યારા,
રામા રંગીલાની માતાનું નામ;
મચ્છ લંછન પુરિ કાકંદી પ્યારી,
મુક્તિ વધુનો છબીલો એ શામ. પ્યારે. કેવી.
એક તો કરંગી એ પ્યારેકી પૂજન,
દુજે દેવાંગિ દીપાવું દે દામ;
તીજે લુલુના તજિ હું તમારો,
છોડો ન છોડું છબીલા એ શામ. પ્યારે. કેવી.
વિજય વિજય વસુ વિજય વરિને,
સોહમ સમાજે એ રાજે છે આમ;

વાહ્ વાહ્ જિવન જોઇ જિયા લુભાવે,
ક્યા જાદુ ડાર્યા છબીલા એ શામ. પ્યારે. કેવી.

---

૧૦ સિતલનાથ.

ડરમાં તું દીલ સાથ, છોકરા ડરમાં તું દીલ સાથ. (એરાગ)
સેવા સદા સુખકાર, સિતળની; સેવા સદા સુખકાર,
નિત્ય નેહે નમે નરનાર, સિતળની, સેવા સદા સુખકાર.

પ્રભુ તું પ્યારો—કામણગારો.

ભૂમિ ભદ્દિલપુર જન્મ તમારો, દ્રઢરથ રાયને પ્રાણથી પ્યારો;
નંદાનો નંદન વંદન મારો, શ્રી વચ્છલંછને શોભે છે સારો;
(તમે તારો, તમારા વિના આધાર કોનો.
નહી નહી તુજ વિણ આધાર, સિતળની; સેવા સદા સુખકાર. (નત્ય

તુંજ આધારે—ભરૂસો ભારે.

દ્રવ્યને ભાવ પૂજા કરી પ્યારે, નવ નવા નાટિક નાચું આ વારે;
ધોકાપંથી ભલે ધાંધલ ધારે, છોને કરમકુટ અવળું વિચારે;
(પણ મારે, તો તન મનને ધન છો.
તમે તન મન ધન દીલદાર, સિતળની, સેવા સદા સુખકાર. (નત્ય

અર્ભકો આવો—ભાવના ભાવો.

આનંદે કોકીલ કંઠ મીલાવો, સોહમ્ સમાજે સુસંગિત ગાવો;

સજિ લઘુતા લ્યો લાખેણો લાવો, ધન ધન ધન્ય વિજય વરતાવો.
(આવો પ્રભુને વધાવો પછી સૌ સિધાવો.
એ જગજીવન જયકાર, સિતળાની; સેવા સદા સુખકાર. નિત્ય.

---

૧૧ શ્રેયાંસ નાથ.

સેવું સેવું સુખકારી, ધન્ય મુનિ ધારી ધારી. (એ રાગ.)

પૂજન પ્યારી નરનારી ધારી શ્રેયાંસની સારી,
વંદો વિધિયે જુહારી સારી લેવા શિવ નારી.
સોહે સિંહ પુરિ રાય, વિષ્ણું માત પિતા થાય;
લંછન ગેંડો લેખાય, લક્ષ ચોરાશી અબ્દાય,
ધનુષ્ય એંશીની કાય, પુજે ઇંદ્ર ચંદ્રપાય;
ચિત્ત નરનારી ચા'ય, પાતિક દુરે પલાય.
નહીં લાલચ જરાય, સુખ રામરતા થાય;
સ્વામી સોહમ સભાય, ગુણ જ્ઞાની તણા ગાય,
તાત તર્યા નમે તારી ધન્યમુનિ પદ ધારી. પુજન પ્યારી.

---

૧૨ વાસુપુજ્ય.

સિદ્ધાચલ સિખરે દીવો રે (એ રાગ.)

પ્રીતે વાસુપુજ્યની પાસ, આવો રમીયે આપણુ રાસ.
પુરિ ચંપા જન્મા જિન ખાસ; આવો રમીયે આપણુ રાસ.
જયા કુક્ષી વસુ વેલે વાસ; આવો રમીયે આપણુ રાસ.
લંછન મહીષ તણું અવિનાશ; આવો રમીયે આપણુ રાસ.

સ્વામી સોહમ જૈન પ્રકાશ; આવો રમીયે આપણ રાશ.
ધન્યવિજય ધન્ય દિવસ મારા; આવો રમીયે આપણ રાશ.

---

૧૩ વિમળનાથ.

ચુકિ ચતુરા ચંચલ થઇને; રળીશું રાજનગર રહીને (એ રાગ.)

ફસાણા કેમ તમે ફંદે, વિમળ જિન વંદો આનંદે. ટેક.
કૃત્યવર્મા કંપીલપુર નાયક, છો સુખ દાયક શાણા;
સુંદર લંછન પાયક પેખો, જગ લાયક જગ રાણા;
શાણા શ્યામાના નંદે, વિમળ જિન વંદો આનંદે. ફસાણા.
તજિ લોલતા તનમનધનથી, લ્યો લાખેણો લા'વો;
સોહમ્ જૈન સમાજે આજે, ભક્તિ અર્ભક ભાવો;
ધ્યાવો ધન્ય વિજય વૃંદે, વિમળજિન વદો આનંદે. ફસાણા.

---

૧૪ અનંતનાથ.

સંનડો સંનડો શું કરો રે. (એ રાગ.)

અનંત જિન એવી પ્રીતડીરે, તોડી તરછોડયા કેમ;
વા'લે વિસાર્યા વેગળારે, પણ મારે તો પુરણ પ્રેમ; એમ જાણજ્યો.
પુરિ અયોધ્યા પેખીયે, સુયશાને સિંહસેન,
માત પિતા જિન જાણીએરે, લહુ લંછન સિચાણો સ્યેન; એમ જાણજ્યો.
કરે કસોટી કોટીધા, કેમ પાલટે હેમ;
અવર નમ્યાના નેમછેરે, જેમ મીન પાણીને પ્રેમ; એમ જાણજ્યો.
સોહમ્ અર્ભક આ અમે, વસુ વિજય પર પ્રેમ;

તાત ત્રીભુવન તુજથીરે, રંગ લાગ્યો મજીઠનો જેમ; એમ જાણજ્યો.

---

૧૫ ધર્મનાથ.

રાણીજીતો રજની, સેજે સુતાં સજની. (એ રાગ)

સ્નેહે શોખો રારા, ધર્મતણા ધારા;
આતમ આધારા તારા થાય થાય થાય. ટેક.
ભાનુ જનક તન છો મન મોહન,
રત્નપુરી તણા તમે રાય રાય રાય. સ્નેહે.
વજ્ર વલંછન તન સુવૃત્તા માતા,
પંચ ચાળી બાળી ધનુ કાય કાય કાય. સ્નેહે.
છે સુખકારી પંચમ નારી,
પ્યારી ધારી પ્રીતે ચીતે ચા'ય ચા'ય ચા'ય. સ્નેહે.
સોહમ સમાજે અર્ભકો આજે,
ધારી ધન્ય મુનિ નમે પાય પાય પાય. સ્નેહે.

---

૧૬ સાંતી નાથ.

આજ આવી રાજ હજુરમાં, કરજોડીને કરૂં વિનતી. (એ રાગ.)

સુખકંદ સાંતીજિનંદની; ઓપે આંગી આ અલબેલડી. ટેક.
અચીરા નંદન આપછો, તન વિશ્વ વિશ્વના બાપ છો;
ગજપુર પુર પ્રતાપ છો, મૃગ લંછને છબી છેલડી. સુખકંદ.
લઘુતા આપની એકથી, વધુ મુક્તી વરિયા વિવેકથી;

ધન્ય ધન્ય સોહમ્ ટેકથી, ધન્ય ધન્ય વિજય વેલડી. સુખકંદ.

---

૧૭ કુંથુ નાથ.

દુઃખી તું દીકરી મારી, સુખી સમ સાસરી તારી. (એરાગ.)

જિતારી વિનતી મારી, મુને પ્યારી છબી તારી.
શ્રી સુર માત પીતા પ્રભુ, ગુણવંત ગજપુર ગામ;
લંછન છાગ સોહામણો, કુંથુ શિવપુર સામ.
તર્યા છો તાતજી તારી, જિતારી વિનતી મારી. મુને.
સોહમ્ અર્ભક આ અમે, કરજ્યો સ્વામી સા'ય;
અમન ચમનથી આપને, નિત્યે નમિયે પાય.
થયા છો ધન્ય વિજય ધારી, જિતારી વિનતી મારી. મુને.

---

૧૮ અરનાથ.

ગુણવંત ગુરૂના ગુણ ગાણું હું આજે (એ રાગ.)

છે અરજી અરજીનવરજી એ મુજ મરજી,
આ ગરજીની અરદાશ ધ્યાનમાં ધરજી. ટેક.
ગુણવંત ગુરૂ ગજપુર નમે નર નારી.
દેવી સુદર્શન માત તાત જયકારી;
લંછન નંદાવ્રત નાથ હવે દુઃખ હરજી,
આગરજીની અરદાશ ધ્યાનમાં ધરજી. છે અરજી.
છે સોહમ્ જૈન સમાજ આપ આભારી,
મેં તજિ વિષયની વાત તાત લ્યો તારી;

વરી ધન્ય મુનિ પદ વાલમ આલમ વરજી,
આ ગરજીની અરદાશ ધ્યાનમાં ધરજી. છે અરજી.

---

૧૯ મલ્લિનાથ.

રસીલા રાજકુમાર રે, પ્યારા પોઢયા પારણીયે (એ રાગ)
મલ્લીસુરત મનુહાર રે, મોરી લાગી લગનવા. ટેક.
લાગી લગનવા છોડી ન છૂટે, જબ લગ ઘટમેં પ્રાણરે; મોરી
પ્રભાવતી તન છો મન મોહન, આતમના આધાર રે; મોરી.
કુંભ લંછન તન કુંભ તણાછો, પુરિ મથુરા પર પ્યાર રે; મોરી.
સોહમ્ સભાજે છો શિરતાજે, ધનમુનિ ધન અવતાર રે; મોરી.

---

૨૦ મુનિસુવ્રત.

મુને દિલ્લી બોલાવીને, દગો દીધો દગો દીધો. (એ રાગ)
મુનિ સુવ્રત મુને તારી, પુજ્ય પ્યારી પુજ્ય પ્યારી. ટેક.
રાજગ્રહી રાજના રાણા, સુમિત્ર તાતજી શાણા;
જાયા પદ્મા તણા જાણા, કુરમ ધારી કુરમ ધારી. મુનિ.
શેવા છે તાતજી તારી, સોહમ્ ગણ સર્વને સારી;
મુનિ ધન ધ્યાનમાં ધારી, લીયો તારી લીયો તારી. મુનિ.

---

૨૧ નમિનાથ.

શોભા શિવપુરની સારી, પ્રભુ પામ્યા પંચમ નારી (એ રાગ)
તમે નમો નમી નર નારી, એ તર્યા અવરને તારી. ટેક.

મથુરા વિપ્રા સુત છાજે, તનવિજય વિજય મહીરાજે, નિલોત્પલચિન્હબીરાજે,
તું તાર; અવર કો સાર; નથી કરતાર; વાત વિચારી. એ તર્યા.
સોહમ્ અર્ભક આભારી, લાગી લગ્રી એક તારી, ધન ધન્ય વિજય જયકારી,
દાતાર; કરો ભવ પાર; સોંપો શિવનાર; ધ્યાનમાં ધારી. એ તર્યા.

---

૨૨ નેમનાથ.

વીરા વેશ્યાના યારી, ઉભા અટારી. (એ રાગ.)

આવી અલબેલા મારા, પ્રાણના પ્યારા, નાથજી ન્યારા,-કેમ કરો તમે નેમ.
આંખે આંસુની ધારા, રાજુલ દારા, વરસાવી મારા,-નેમ ચાલ્યા કેમ એમ.
શિવાદેવીને સામુદ્રરાજા, સૌરીપુરને શંખ;
માત પિતા પુરી લંછન લેખુ, રાજુલરૂપ અશંખરે. આવી.
અબળાનો અપરાધ શું સ્વામી, વામી વરો શિવ નાર;
કામણગારીને જોવી છે ધારી, લાડીલા આવું હું લારરે. આવી.
લાગી લગનવા તનમન તારી, સોહમના શિરતાજ;
ધન ધન ધન્યમુનિ પદ ધારી, રાજુલ તારી લ્યો રાજરે. આવી

---

૨૩ પાર્શ્વનાથ.

દેખી તેરી વફાદારી. (એ રાગ.)

પ્રભુ પાસ સુરત પ્યારી, જાઉં તુજ પર વારી; વારી;
અરેહાં...અરેહાં...અરે હાં... પ્રભુ.
પામ્યા અશ્વસેન પિતાય, વામા તુજ માય,
વણારસી રાય, સરપચિન્હધા...રી. પ્રભુ.

પ્રભુ પ્રભાવતીના પ્રાણ, યક્ષિણી યક્ષયાણ,
પારસ પરમાણુ, પદમાવતી પ્યા...રી. પ્રભુ.
સહુ સોહમ્ અર્ભક સાથ, હેતે જોડી હાથ,
નમે નિત્ય નાથ, મુનિ ધન્ય ધા...રી. પ્રભુ.

---

૨૪ મહાવીર સ્વામી.

આવો આવોને સાહેલીયો આજ, જિન મુખ જોવાને. (એ રાગ)

સખી આનંદ આનંદ આજ, આનંદ આજ અતી;
વા'લી વાંદ્યા વિરજિનંદ, વામી વેદ ગતી. ટેક.
ક્ષત્રીકુંડ સિધારથ રાજા, કલ્પવલ્લિ કુળ ચંદરે;
ત્રિસલાનંદન ત્રિજગવંદન, કર્મ નિકંદન. કંદ. આનંદ.
સિંહ સમા સિંહ લંછન ધારી, વારી વિષય વિકાર રે;
પુરૂષ કળા વાલમ વરસાયું, જગજિવન જયકાર. આનંદ.
છો જિન સાસન સોહમ સ્વામી, તારક ત્રિભુવન તારરે;
ધન ધન ધન્ય વિજય વસુધામાં, વંદીયે વારહજાર. આનંદ.

(મુનિ મહારાજ શ્રી ધન્ય વિજયજી વિરચિત
વર્ત્તમાન ચોવિશી સંપૂર્ણ.)

---

૧ શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તવન.

અષ્ટાપદ અરિહંતજી મારા વા'લાજી રે (એ રાગ)

શ્રી સંખેશ્વર સાહિબો મન મોહનજિરે, દીઠો દેવ દયાલ જગ કૃપાલ;
જગ શોભનજીરે; સ્વરૂપ રમણુતા જોગથી. મન. વદન અનોપમ ચંદ.

છે સુખકંદ જગ ૧ મન ભમરો મુજ લોભીયો મન. નેન કમલ દલ પેખ થિર સુખ દેખ જગ. વિઘન વિડારણ કેશરી. મન. અલવેસર અરિહંત અતિ સયવંત જગ ૨. દામોદર ઉપદેશથી મન. આશાઢીવર નામ ગુણગણ ધામ જગ. શ્રમણો પાસકે ભરાવિયો મન. અતિત ચોવિસીએ બિંબ. ગુણનો સ્થંભ જગ ૩. પ્રગટ પાતાલ થકી થઈ મન. જરા જાદવા ભૂર કીધી દૂર જગ. જીત સંખ તિહાં પૂરિયો મન. તિણ સંખેશ્વર નામ ગામને ઠામ જગ. ૪ પંચ શરે કરી પૂરિયો મન. મનમથ સુભટ સનૂર ચઢતે નૂર જગ. તીર્થ પંચાશર પ્રગટીયું મન. પારસ પારસ રૂપ જિનવર ભૂપ જગ. ૫ તીર્થ બીહું જગ દીપતાં મન. ભેટ્યા ભવ દુખ જાય શિવ સુખ થાય જગ. શ્રવણ સુજસ હું સાંભળી મન. થિરપુર સંઘ સંગાથ આયો નાથ જગ ૬. ઓગણીસ વેદ શ્રુતિ વર્ષમાં મન. માઘ વદિ મનોહાર અતિ સુખકાર. જગ. આંબા સંઘમે ભેટીયા મન. સૂરિ રાજેંદ્ર મહારાજ ધનમુનિરાજ જગ ૭.

---

૨ શ્રી નેમનાથ સ્તવન રાગ હોરી.

નેમ સંગ રાજુલ ગોરી, ખેલત એસી સંજમ હોરી; ટેક.

જિન સાસનકે રાજલ સરોવર, સમ દમ પાજ બંધોરી; હરિ હરિ લાલા; ગ્યાન ગુલાબ ખીલી ફુલવાડી, નિજ ગુન બાગ બઢોરી; સમકિત તરૂ ફલીય મંજોરી. નેમ ૧ ભવ ભય ભાવના મંડપ માંહી, નવ સત સિણગાર સજોરી; હરી. વિવિધ કરૂણારસ વાજિંત્ર વાજે; સુમતિ સખી મિલ ટોરી, ગાવત સબ મંગલ ભોરી નેમ ૨ શુદ્ધ સ્વભાવ ચુવા ચંદન ભેળી, ભાવના કેસર ઘોળી, હરી. ઉપશમ રસ ભરભર પિચકારી,

ભક્તિ ગુલાલ ભરઝોરી, ડારત પિઉ મુખ સંગ છોરી. નેમ ૩. યા વિધ હોરીકો ખ્યાલ મચ્યો સખી, ગઢ ગિરનારકી ઓરી; હરી. મુક્તિ વેશ્યા સંગ પિઉ મેરો લોભી, તો દેખુ મેં કેસી ઠગોરી; પીઉ પહેલિ મુગતમેં દોરી નેમ. ૪. દિક્ષા નાણ નિર્વાણ કલ્યાણક, ગિરિ ઉજ્જિંત વરોરી; હરી. નેમ પ્રભુ કરુણાનિધી તારક, તીરથ જગમે અરોરી; ભેટત ભવ કર્મ ભગોરી. નેમ ૫. થિરપુર સંઘ રંગ બહુ હર્ષે, સંઘપતિ તિલક ધરોરી; હરી. આંબા મોતી સંઘ સંઘાતે, સૂરિ રાજેંદ્ર સંગ બહોરી; ધન્ય મુનિ દર્શન હોરી નેમ ૬.

---

૩ શ્રી નેમનાથ સ્તવન (રાગ કેરબો.)

નેમ જિનંદ જિન ચંદ્રને, મેરો દર્શ કરત ચિત હર લીયોરે; નેમ ટેક.
શિવાદેવી નંદન ત્રિજગવંદન, પ્રભુ સમુદ્રવિજય કુલ ભાનુ ભયોરે. નેમ.૧
પશુ પોકાર સુણ રથકું ફેરી, પ્રભુ તોરણ આયે સંકેત કિયોરે. નેમ.૨
સંજમ દૂતી કાંન લગી જબ, તજ રાજુલ ગિરિ વનવાસ ગયોરે. નેમ.૩
ગઢ ગિરનારકી કુંજ ગલનમેં, પ્રભુ સહસાવનમેં સંજમ લિયોરે. નેમ.૪
ચરણ ઘોડે ચડી કેવળ સિધ્ધો, તેથી રેવંત ગિર તીરથ ભયોરે. નેમ.૫
દિક્ષા નાણ નિર્વાણ કલ્યાણક, પ્રભુ નેમ નિરંજન પદ ગ્રહ્યોરે. નેમ.૬
સંજમદે નિજ નારકું તારી; ગિરનાર ગિરિ નામ તાતે જયોરે નેમ.૭
ત્રિભુવન તારક તીરથ સુણકે, પ્રભુ પદકંજ નિકટ સેવક આયોરે. નેમ.૮
અધમ ઉધાર કરો અબ સાહિબ, સાચો તારક નામ ત્રિજગ છાયોરેનેમ.૯
ઓગણીસ ગુણ શ્રુતિ ફાગુણ માસે, વદી પંચમી દિનજિનદર્શાયોરે.નેમ.૧૦
થિરપુર સંઘ આંબા સંઘવી સાથે, ધન્ય મુનિ દરશ હરપ પાયોરે. નેમ.૧૧

---

૪ સિદ્ધગિરિ જાત્રા સ્તવન. (રાગ સજની)

આજનો દહાડોરે સજની, ભલે ઉગ્યો ગઈ દુરમતિ રજની; આજ ટેક.
આદિજિનંદનું રે મુખડું, દેખવા હરખ્યું છે મુજ મનડું;
સિદ્ધગિરિ સનમુખરે જઈસ્યું, શમતા સખીને સાથે લઈસ્યું આજ ૧
એ ગિરિ ભાવેરે ભેટે, ભવિજન દુરગતિ તતખિણ મેટે;
છહરી પાલીરે ચાલે, કરમ કઠીણને તે નર ટાલે. આજ ૨
સમકિત ધારીરે રંગે, પદ ચારી બ્રહ્મધારી ઉછંગે:
સચિત પરિહારીરે કરીયે, એકલ આહારી ભૂ સંથરીયે આજ ૩
કિરિયા થિર ચિતરે કીજે, પાપ આલોઈ દેવ વાંદીજે;
ગુણણું ગણીયેરે રૂડું, વચન ન ભાખો ઈહાં કોઈ કુડું. આજ ૪
સૂરિ રાજેંદ્રને સમરી, આંબા સંઘમે સાચા સંવરી;
શત્રુંજય જાત્રારે કીજે, નરભવનો ભવિ લા'વો લીજે. આજ ૫

---

૫ ભોયણી મલ્લીજિન સ્તવન.

મન મંદિર આવોરે કહું એક વાતલડી. (એ રાગ.)

મલ્લી પ્રભુ પ્યારારે મન મંદીર આવો, મન મોજ મહીલમાંરે નથી કોઈનો દાવો; હરિ ગોપી રૂપેરે માયા રાસ રમે, હર અર્ધંગ ધારીરે ગોરી ચરણ નમે. મલ્લી० ૧ બ્રહ્મા સાવિત્રી રૂપેરે માયા જાલ રચે, ઇશ્વર અવતારીરે માયા ફંદ પચે; ઇંદ્રાદિક દેવારે તિરિયા ફંદ ફસ્યા, માયા નિપવલ્લીરે મોહમદ વાસ વસ્યા. મલ્લી० ૨ મોહ મહાબલ બલમાંરે તુમને પિણ નડિયો, થઇ વિચારૂપેરે તેહથી તું અડિયો; એહ અચરિજ મોટુંરે પ્રભુજિ તુમે કીનો, કામિની કામ નિવાસીરે કામને

વસલીનો. મલ્લી૦ ૩ પદ્મમિત્ર પ્રબોધવારે મોહન ઘર આવ્યા, દાખિ કનક પુતલિએરે તેહને લોભાવ્યા; સ્વભાવ વિભાવીરે રૂપ તે દેખાડી, કર્યા સહજ સ્વભાવિરે મોહ દિયો તાડી. મલ્લી૦ ૪ ત્રિયારૂપે જિત્યોરે મોહ કટક ભારી, પદ્મમિત્રને કરિયારે ગણધર પદ ધારી; કેવલવર પામીરે શિવ સેજે વસિયા, થયા નિજ ગુણ ભોગીરે સહજાનંદ રસિયા. મલ્લી૦ ૫ મુરતિ ચંદ્રાવદનીરે નખ ચખ શોભ ભરી, ભૂમિ ભોયણી પ્રગટીરે પ્રેમ પ્રભાવ દરી; ભાવે જે ભવિ ભેટેરે તસચિંતા ચૂરે, દુખ દોહગ મેટીરે મનવંચ્છીત પૂરે. મલ્લી૦ ૬ બાણુ વેદ નવ ચંદ્રેરે પ્રથમ ચૈત્ર વદી, ભેટયા બીજને દિવસેરે નાયો તીર્થ નદી; થિરપુર સંઘ આંબારે સૂરિ રાજેંદ્રજયો, શાંતી કરી પૂજારે ધન્ય મુનિ નાથ ભયો. મલ્લી૦ ૭

---

૬ એકવિસ નામ ગર્ભિત શત્રુંજય સ્તવન. (રાગ લાલનો).

શ્રી સિધખેત્ર સોહામણોરે, શત્રુંજય ગિરિ સિણગાર હો લાલ;
સકલ તિરથ શિર સેહરોરે, આદિશ્વર અવતાર હો લાલ. શ્રી૦ ૧
વંદન પૂજન ફરસ નારે, ગુણ સ્તુતિ કરી જયકાર હો લાલ;
વિમલ હુવે નિજ આતમારે, વિમલ ગિરિનામે સુખકાર હો લાલ. શ્રી૦ ૨
ભૂવન આરીસે કેવલ લહીરે, સિદ્ધિ વરિયાઇણુ ઠામ હો લાલ;
ભરતથી પાટ આઠુંલગેરે, સિદ્ધ નિલયગિરિ નામ હો લાલ. શ્રી૦ ૩
દ્રવ્ય ભાવ શત્રુ જિતવારે, આંબિલ કરી ખટ માસ હો લાલ;
સુક ઉતારી પામીયારે, શત્રુંજય નામે સુખ વાસ હો લાલ. શ્રી૦ ૪
કાંકરે કાંકરે શિવ વર્યારે, સિદ્ધ અનંતા કોડ હો લાલ;

સિદ્ધ ખેત્ર નામે કરીરે, વંદુ બે કરજોડ હો લાલ. શ્રી૦ ૫
પુંડરિક ગણધર પંચ ક્રોડસુંરે, વરિયા શિવ વધુ ઇણુ ઠામ હો લાલ;
અહવા સરોજ પુંડરીકમાંરે, મોટો પુંડરગિરિ અભિધાન હો લાલ. શ્રી૦૬
સર્વ તીર્થ અદ્દિદ્દિપથીરે, જીવ ઘણા ઇણુ ઠામ હો લાલ;
શિવ સજની સેહેજે વર્યારે, સિદ્ધ સેખર ગુણુ જાણુ હો લાલ. શ્રી૦ ૭
સહુ પર્વત સહુ તીર્થમાંરે, પર સિદ્ધ પરવત એહ હો લાલ;
સિદ્ધ પરવત નામે કરીરે, નામે સુરનર ધરીનેહ હો લાલ. શ્રી૦ ૮
રાજપાટ તૃણુસમ તજીરે, સેવના ગિરિવર સાજ હો લાલ;
કેવલ કમલા બહુ રાજવીરે, પામી વરીયા સિધરાજ હો લાલ શ્રી૦ ૯
બાહુબલ મુનિ કાઉસગ રહ્યારે, એવા બાહુ બલવંત હો લાલ;
સમુદ્ર તરે તિમ ભવ નિધીરે, બાહુબલિ નામે સુખ અનંત હો લાલ. ૧૦
મરૂદેવી ટૂંક મનોહરરે, અહવા મરૂદેવાનો નંદ હો લાલ;
પૂર્વ નવાણું સમો સર્યારે, મરૂદેવ નામે પરમાનંદ હો લાલ. શ્રી૦ ૧૧
સાગર ચક્રી સાગર ભણીરે, ઈંદ્રિ વચને કર્યું નામ હો લાલ;
વિજયંત નામે નાલે કરીરે,ભગિરથ તિરથ રક્ષા ઠામ હો લાલ. શ્રી૦ ૧૨
ગિરિ પછવાડે સોહે ભલારે, સહસ્ત્ર કૂટ અભિરામ હો લાલ;
સહસ્ત્ર પત્ર નામે કરીરે, ગિરિ રચના સોહે ગામો ગામ હો લાલ. શ્રી૦ ૧૩
સેવંત્રા ટૂંક ગિરિ પાછલેરે, સોહે ભાનુવન મનો હાર હો લાલ.
સૂરજ કુંડ થઈ નિરમલારે, નમીએ સયવંત ટૂંક ઉદાર હો હો લાલ. શ્રી૦ ૧૪
ટૂંક શિખર ગિરિ પાખલીરે, જાણે પરમેષ્ટિ ગુણુ માલ હોલ;
અષ્ટોત્તર શતકૂટ નામથીરે, મંગલ માલ વિશાલ હો લાલ. શ્રી૦ ૧૫
સકલ પરવતનો રાજિયોરે, નામે નગાધિરાજ હો લાલ;

નિર્મલ તન મન સેવતાંરે, સારે વાંચ્છિત કાજ હો લાલ. શ્રી૦ ૧૬
સહસ્ત્ર કમલ દલ સારીખારે, ગિરિ પાખલ સહસ્ત્ર ટૂંક હો લાલ:
સહસ્ત્ર કમલ ખગ નામથારે, અંધ હુવે કુમતિ ઘૂક હો લાલ. શ્રી૦ ૧૭
ઢંક નામે ગિરિ ટૂંકછેરે, ઢંક ગિરિ તેહથી નામ હો લાલ:
કવડ યક્ષનું દેહરૂંરે, કવડી નિવાસ નામે વિસરામ હો લાલ. શ્રી૦ ૧૮
લોહિત તાલધ્વજ નામથારે, ગિરિ પર્વતપર પરધાન હો લાલ:
બિહું નામે નમતાં થકાંરે, સિદ્ધિ લહે ગુણખાણ હો લાલ. શ્રી૦ ૧૯
તીર્થંકર નિર્વાણ નારે, અતીત ચોવિશીએ ગણધાર હો લાલ;
કદંબક નામે મુનિ કોડસુંરે, વરિયા કદંબ ટૂંક શિવનાર હો લાલ શ્રી૦ ૨૦
સુરવર મુનિવરના કર્યારે, એકવિસનામ રસાલ હોલા;
ભાવે જે ભવિ ભાવસેરે, તસઘર મંગલ માલ હો લાલ. શ્રી૦ ૨૧
ઋષભ કૂટ તણી પરેરે, શાશ્વતો તીરથ પ્રાય હો લાલ;
કાલ વસે ઘટવધ હુવેરે, સર્વથા નાશ ન થાય હો લાલ. શ્રી૦ ૨૨
સમકિત છરી ધારીનેરે, પામી નરભવ સાર હો લાલ;
જાત્રા કરી સત્રુંજય તણીરે, સફલ કરો અવતાર હો લાલ. શ્રી૦ ૨૩
સંવત વેદ યુગ નવ શશિરે, સુદી ફાગુણ મનોહાર હો લાલ:
અષ્ટમી દિને શત્રુંજય ધણીરે, ભેટ્યા જગ જસ કાર હો લાલ. શ્રી૦ ૨૪
થિરપુર સંઘ સંગ સંઘપતિરે, આંબા મોતી સંગાથ હો લાલ;
સૂરિ રાજેંદ્રજિન સેવથીરે, ધનમુનિવરે શિવ સુખ સાથ હો લાલ.શ્રી૦ ૨૫

---

૭ સંઘનો ટૂંક હેવાલ.

ગુણવંત ગુરૂ ચોમાસાની વિનતી ચિતમાં ધારજ્યો (એ રાગ.)

આનંદ હુવો નિર્ખિઆ નયરી થિરપુર સુર ઈંદ્રની.

જયવંત જુઓ અલબેલી આ રચના સૂરિ રાજેંદ્રની ટેક.
થિરપુર શ્રાવક શિરતાજ સુણ્યા, [1]આંબો [2]ઉજમ તન *મોતી તણા;
સોહમ તપ સમકિત વંત ઘણા, જયવંત. ૧
*આંબા અર્ભક [1]ગુલાબ ગણું, [2]જિતાજી [3]અભેચંદ સાથ ભણું;
પામ્યા ફળ પૂરવ પુન્ય તણું, જયવંત. ૨
ઉજમધન સુત [1]છગન કહાવે, [2]હરીસંગ [3]સ્વરૂપ ભલા ભાવે;
ખરચી જર જિનવર ઘર હાવે, જયવંત. ૩
ઉપદેશ સૂરિ રાજેંદ્ર સુણ્યો, ભવિ ભાવે સંઘવી અંબબણ્યો;
સિદ્ધાચળનો ગિરનાર તણો, જયવંત. ૪
કુટુંબ કબીલા પરિવારે, બળવંતા બહુ વાણીલારે;
સિદ્ધાચળને વળી ગીરનારે, જયવંત. ૫
થિરપુર સંઘવી આંબો દેખ્યા, ગણતી જરની લાખે લેખાં;
મુંબાઇ મોતીશા આ પેખ્યા, જયવંત. ૬
સંઘવી સિદ્ધાચળમાં પેખ્યા, ખરો માલ ખરીદે ત્યાં દેખ્યા;
જર ખરચી જસ લેતાં લેખ્યા, જયવંત. ૭
સમુદાય સૂરિ રાજેંદ્ર તણો, ધન ધન્ય વિજય જયકાર ભણો;
સાથે સાધુ [6]પટ [4]વેદ ગણો જયવંત. ૮
સાધવી સંખ્યા [16]સાણગાર ગણી, ક્રોધાદિક જોદ્ધા ચ્યાર હણી;
ધન્ય રિતિએ અણગાર તણી, જયવંત. ૯
ગણો સોલ સહસ્ત્ર સમકિત ધારી, સોહે સોહમગણ નરનારી;
હય ગય રથ ગણતી ન્યારી, જયવંત. ૧૦
કાઢો સહુ સંઘ આંબા જેવા, સાથે ધન ધન્ય મુનિ સેવા;

લખશે લલ્લુ લહાવો લેવા, જયવંત. ૧૧

૮ ગુરૂ વિહાર ગુહુળી.

અષાડી પુનમ પહેલારે ગુરૂ તમે આવજ્યો વહેલારે. (એ રાગ)

અમારી વિનતી એવીરે મુનિ ધન્ય ધ્યાનમાં લેવીરે,
કસોટી થઇછે કેવીરે, સૂરિ રાજેંદ્ર સેવીરે. ટેક.
જાવું જાવું શું જંપી રહ્યા છો, છો અમ જિવન પ્રાણ,
ચાતુર ચાતુર માસ કરીને, પ્રીતે કીજ્યો પરિયાણ. અમારી. ૧
મુનિ મધુરીછે દેશના તારી, વૈરાગી વિર વચન;
અમૃતવાણી વૃષા વરસાવી, ટાઢું કરો હવે તન. અ. ૨
સુનો ઉપાસરો સુંનુ સિંહાસન, સુના અમો નરનાર.;
સુનાનું સોનું તો આપ આવ્યાથી, આતમના આધાર. અ. ૩
પોષધ શાળાયે પ્રીત નહીં રે', શાશનના સણગાર;
ખરો ખજાનો તો ખાવાને ધાશે, આપ વિના અણગાર.અ. ૪
મહેરકરી લીલા લહેર કરાવો, શહેર થરાદને આજ;
પાપી પાંખંડીને બહુ પડી બોધો ,સ્વામી મારા શિરતાજ.અ. ૫
સતસંગનો રંગ અંગ લગાડીને, ઉમંગ કરો નહીં ભંગ;
સંઘમાં જબ્બર જંગ મચ્યોછે, દેખીને થાસ્યોજી દંગ.; અ. ૬
સંસ્કૃતસારી પ્રાકૃત પ્યારી, માગધી મોહનવેલ;
સુવાણી સુણાવી સંગીત સાદે, મુનિ કરો રંગરેલ. અ. ૭
કર્યા વસીભુત વાણી સુણાવી, ચાલ્યા જાદુ કરી જાણુ,
સાકર સેલડી સ્વાદ ભરેલાં, વાંચશે કોણુ વખાણુ. અ. ૮

વેશથી દેશ નરેશ નમેછે, સુવર્ણ સમશિર કેશ;
આવીશ જિતીને એશ બન્યાછો, દ્વેશ નથી મન લેશ. અ. ૯
કેડબાંધી પોથી પાંતરા ખંભે, કામણગારીનાં કંથ;
પગે ઉઘાડાને ચાલવું પાળા, પરહીત માટે પંથ. અ. ૧૦
પાછુંવાળી પુજ્ય જોયું નહી, એવો શોછે અમાવોરે વાંક;
ઉતાવળા કેમ ચાલ્યા ગુરૂજી, રોવરાવીને આ રાંક. અ. ૧૧
શ્રાવક શ્રાવીકા સહુ નરનારી, આજ ઉદાશી અપાર;
વિહારની વા'લા વાત સુણીને, આંખુએ આંસુની ધાર. અ. ૧૨
સુખ ઉપર દુઃખ વરસી રહ્યું છે, જિવનછો તમે જાણુ;
વૈરાગી વેસે ચાલ્યા વરસાવી, વા'લા વિયોગના બાણુ. અ. ૧૩
સ્વામી સુધારસ આરસનાને, આરોગાવીને અધીક;
રસીલા થઈ હવે કેમ રેડોછો, વિયોગરૂપી આ વિષ. અ. ૧૪
હીરો જ્યારે આવો હાથમાં આવ્યો, જાણું થયો રંકરાય;
કેમ કરી મન રંજન તેનું, કાચને કડકે થાય. અ. ૧૫
સુરિરાજેંદ્રના પાટ પટોધર, પુરમાં મુકશો પાય;
ધન ધન દીવસ એહ ગણીશું, એવો ઉદય ક્યારે થાય. અ. ૧૬
શિવપુર સાથના નાથ નિહાળી, પાપના પુંજ પલાય;
હોંસને હીમ્મત હતી હમારે, મનની રહી મન માંય. અ. ૧૭
જગત જાળમાં બાળ પડ્યા તેની, ભાળ કરો રખવાળ;
મયાળ થઇ મુને પાળ દયાળ તું, કાળની ઝાળ આ ટાળ. અ. ૧૮
ધર્મના ધારણ નર્ક નિવારણ, ટાલણ કાઠીયા તેર;
તારણ છો તમે તન મન મારા, આવજ્યો અમારે શે'ર. અ. ૧૯

ધર્મના ધારણ નર્ક નિવારણ, ટાલણ કાડીયા તેર;
તારણ છો તમે તન મન મારા, આવજ્યો અમારે શે'ર. અ. ૨૦
મુક્તીનો મારગ મારગ કેમ મળે મને, આપ પધારો છો આમ;
બાળ ગણી મને તાતજી મારા, કોણ સુધારશે કામ. અ. ૨૧
શિયાળે સ્વામીજી શરીર ઉઘાડાં, સીતળ વાયરો વાય;
પાથરવાની તો વાત પછી ક્યાં, થરથર ધ્રુજે કાય. અ. ૨૨
ઉનાળે અતી તાપને તડકા, સ્વામીજી કેમ સે'વા;
શિરછત્ર નહી નહી પગ જોડા, રસ્તામાં કેમ વે'વાય. અ. ૨૩
વસુ વસુધાની પ્રીત વીસારી, માત પિતા પરિવાર;
નિરાગી નિર્મોહી નાથ થઇને, અતિ કર્યો ઉપગાર. અ. ૨૪
ધન્ય નગર ધન્ય મુનિ ચોમાસુ ધન્ય ત્યાંના નરનાર;
નિરભાગી અમે નાથજી મારા, એળે જશે અવતાર. અ. ૨૫
સંસારરૂપી સમુદ્રમાંહી, બુડતાં ઝાલી તેં બાંહ્ય,
હાથ ઝાલી થયા નાથજી ન્યારા, આવો તે ક્યાંનો ન્યાય.અ. ૨૬
વરજી અમોને ભરી મુનીવરજી, હરજી જવાતતણી હામ;
ગરજીની અરજી આ ધ્યાનમાં ધારી, મરજી કરો મુજ ગામ.અ. ૨૭
આંબાજી અર્ભક આવિ અભેચંદ, એવિકરે અરદાશ;
સ્થિરપુર આતમ સ્થિર કરી કરો આતુર ચાતુર માસ. અ. ૨૮
ધર્મ શિરોમણી ધામ ધોલેરા, ગુણ મણી વિરમગામ;
વલ્યમસુતની વિનતી વાંચી, અલબેલા આવજ્યો આમ. અ. ૨૯

૯ ગુરૂ ગુણ વિશે ગુહળી.

મુનિના મુખનીને શીવના સુખની, ગુરૂની ગરજ મને એની. ટેક.
ધુતી ધુતી ધન ધુળમાં ધાલે, પાઉં મતીરે પેઠી જેની. મુનિ. ૧
મુખ મરડી મણી માણુક ચાલે, શુ પરવા મને છે એની. મુનિ. ૨
કપટ કરી કરે કર મુખ કાળા, પાઉં મતીરે પેઠી જેની. મુનિ. ૩
હીરાનો હાર ને મોતીની માળા, શું પરવા મને છે એની. મુનિ. ૪
ક્ષીર મુકી નીર કાઢે કુવાનું, પાઉં મતીરે પેઠી જેની. મુનિ. ૫
શુદ્ધ સોનું પણ સુતું થવાનું, શું પરવા મને છે એની. મુનિ. ૬
ભર્ઇ ભ્રમણુ ગતિ ભામા ભરૂસે, પાઉં મતીરે પેઠી જેની. મુનિ. ૭
ક્ષણુ રૂસે વળી ક્ષણુમાં તું. સે શું પરવા મને છે એની. મુનિ. ૮
લંપટ લટકે લીન થવાનો, પાઉં મતીરે પેઠી જેની. મુનિ. ૯
ચંચળ ચપળા દેખે દીવાનો, શું પરવા મને છે એની. મુનિ. ૧૦
નાત તજી સજી શામા સગાઇ, પાઉં મતીરે પેઠી જેની. મુનિ.. ૧૧
લલ્લુ લારે નહી આવેલું ગાઇ, શું પરવા મને છે એની. મુનિ. ૧૨

---

૧૦ ગુરૂ ગુણ વિશે ગુહળી.

શેતું શેતું સુખકારી ધન્ય મુનિ ધારી ધારી (૨) ટેક.
ભર્યો ભારતી ભંડારસાર, અખૂટ અપાર યાર,
વાપરતા વધે સાર, ધારીને થયા ઉદાર,
આપો સુમતી આવાર, કાપો કુમતો કો દ્વાર.
પાપો તાપો પરીહાર,થાપો છાપો શિષ્ય સાર,
આપીને આધાર, કરો સંસારથી પાર,

ફેર નાવે અવતાર, એવા ઉપાયો હજાર.
તાત બતાવી લ્યો તારી મારી જીંદગી સુધારી. શેનું શેનું ૧
કર્યો આતમ ઉધાર સાર, સંસાર અસાર ધાર,
ચપટ કરીને ચાર, પામ્યા ગતી પંચ પાર,
ધર્મ ધ્વજા ધારનાર. વિષયને વારનાર,
મહા મોહ મારનાર, ત્રીભુવન તારનાર,
આવી કરો સાર, ઉભો સેવક આવાર,
મારા હૈયા કેરા હાર, ઝટ કરો ભવ પાર,
સ્વામી સોંપો શીવ નારી, સુત વલ્યમ વિચારી,
લીજે અરજ સ્વીકારી, ધારી લલ્લુ લાભકારી, શેનું શેનું
મહાવિર ધરૂં ધીર હવે તારે તો તું.

---

૧૧ મહાવિરજીવનસ્તવન.

તારેતો તારેતો તારેતો તું મહાવિર ટેક.
આલમના વાલમ તાલમથી માલમ, દસારે અટવી ઉતારે તું મહા ૧
પારે આવ્યો નહીં પાર ઉતારે, મેણું છે તારે અમારે તો શું. મહા ૨
પ્રૌઢ પ્રતાપીને ઓળીમો આપી, વદું છું વગર વિચારે તો હું. મહા ૩
સ્થીર ચીતે વિર દુર નથી કાંઈ, સમકીત સરધા સુધારે તો તું. મહા ૪
ચંચલ ચીતે શું હીત થવાનું, વલ્યમ સુત વિચારે તો તું. મહા ૫

---

૧૨ પાર્શ્વનાથ સ્તવન.

ધન્ય ઘડી આજ આનંદકારી, છબીપેખી પ્રભુ પાસની પ્યારી,

આંગી નિહાળી અલૌકીક તારી, આનંદ આજ વધ્યો ઉર ભારી,
મુરતિ તારી, મોહનગારી, છો સુખકારી, જાઉં વારિ વારિ,
જીંદગી આજ સફળ થઇ મારી, ધન્ય ઘડી આજ આનંદકારી, ૧
છેલ છબીલાની શોભા છે સારી, હવે તો હેતે હરો ભય ભારી,
જીવન જાગ્યા જગે જયકારી, પુર્વની પ્રીત સંભારી લ્યો તારી,
પુજા છે પ્યારી, અલબેલા તારી, છો જયકારી, કરોને પારી,
તો તો જાણું પ્યારા પ્રીય તમારી, ધન્ય ઘડી આજ આનંદકારી. ૨
ચંચલ ચીત્ત નિવારીને ધારી,—સ્થીર મને શેવા આપની સારી,
પ્રભુજી પ્રીતે કરો ભવ પારી, અર્જ અમારી દ્યો પંચમ નારી,
રસીલા તારી, સુરતી સારી, છો ઉપગારી, ભરૂસો ભારી,
વાહ વાહ વા'લા તારી જાઉં બલીહારી, ધન્ય ઘડી આજ આનંદકારી. ૩
મુક્તી વધુ વા'લા કામણગારી, અમારે એ થકી અંતર ભારી,
તમે તો કરી બેઠા નીજ નારી, ક્યાંથી શીખ્યા નાથ એ કળા ન્યારી,
શેવા છે સારી, તાત તમારી, દ્યો શિવ નારી, અર્જ અમારી,
સ્વામી સ્વીકારી લ્યો લલ્લુ લાચારી, ધન્ય ઘડી આજ આનંદકારી. ૪

---

૧૩ નેમનાથનું સ્તવન.

નેમ ગયા ગીરનારીરેઃ વાહવાઃ તજીને નારીઃ વાહવાઃ
પસુ ઉગારીઃ વાહવાઃ રાજુલ તારીઃ વાહવાઃ નેમ ટેક.
ખલક કરીને ખ્યારી, સુમતિ ગુપતી ધારી, મહામોહ રાય મારી,
બાવી રહ્યા હારી હારી સણગાર તજી સારી અણગાર રીતી ધારી
જાણી બલીહારી તારી, શરણે રહ્યા લ્યો સુધારી રે વાહવાહ. નેમ ૧

નમે નરનારી સારી, આલમના ઉપગારી, સોધી મુગતીની બારો,
અરજ અમારી ધારી, વિષય વિકાર વારી, સંસાર સાગર તારી,
પ્રીત્યે કરો ભવ પારી, ધારી અમે આશ તારીરે વાહવાહ નેમ ૨
ચંચળ ચીતે નઠારી ઘેલી થઇ મતી મારી કર્મ દલી કરો પારી
મંગળ મુરત તારી, હીરા મોતી થકી ન્યારી દીવાળીથી દીપે સારી,
પુરી રચના છે ભારી, પ્યારી પુજા મને તારીરે વાહવાહ. નેમ ૩
અચરજ આંગીધારી, ઉજમ વધ્યોછે ભારી, ત્રીભુવન તારી તારી,
પ્રભુ કરો પારી પારી, લાડકવાયા લ્યોલારી, લલ્લુ લાભકારી ધારી,
શોંપો હવે શીવ નારી, વલ્લભ સુત વિચારીરે વાહવાહ, નેમ ૪

---

૧૪ સિદ્ધનું સ્તવન. પુજાની ઢાળ.

હું ગાણું પ્રાણુથી પ્યારૂં, ખરૂં સંભવ સ્મરણુ તારૂ (એ રાગ)

કરી ખલક દીવાની ખારી; પ્રભુ પામ્યા પંચમ નારી;
નહી જન્મ મરણુનો ફેરો, નહી રોગ સોગ અનેરો;
નહી ભય પણુ ત્યાં કોઇ કેરો; નહી ભુખ; જરા નહી દુઃખ;
સાસવતા સુખ ભોગવે ભારી; પ્રભુ પામ્યા૦ ૧
નહી ભોગવીજોગ જરાએ; ત્યાં વૈર વીરોધ ન થાયે
નહી સગો સંબંધી કાંએ, નહી રોષ જરા નહી દોષ
નહી અફસોસ સદા સુખકારી; પ્રભુ પામ્યા૦ ૨
નહી કર્મ ભર્મકે કાયા; નહી લોભ લલુતા માયા,
નહી લડકો કે નહી ઝાયા; નહી આ'ર નહી નીહાર;
અજબ છે પ્યા'ર ક્ષ્મા લીલકારી પ્રભુ પામ્યા૦ ૩

નહી ઉજડ કે નહી વસ્તી, નહી વસ્તુ કીમતી સસ્વી;
નહી મૌનપણું નહી મસ્તી, નહી વાત, નહી એકાંત;
નહી દીનરાત, અચંબો ભારી; પ્રભુ પામ્યા૦ ૪
નહી ગંધ રૂપ રસ સબ્દ, નહી નિસ્નેહી નહી લુબ્ધ;
નહી વાર તીથી કે અબ્દ, કરી સાર; પામ્યા ભવપાર;
નમે નરનાર; મુની ધન્ય ધ્યારી, પ્રભુ પામ્યા૦ ૫

---

૧૫ આબુજીન સ્તવન.

અલબેલી એવી, આબુ જાત્રા મુને વહાલી;
જૈયે જો લઇને, ધન. મુનિ. સંગ. ચાલી. ટેક.
દેરાશર છે દેવલોકથી, દેવલવાડે દીપંતા;
વિમળ[1] વસ્તુ.[2] ભેંસા.[3] કારીગર.[4] પુરણુ ચુરણુ ચીંતારે અલબેલી. ૧
ઉભય સહસ ઉપર પટ સોહે, ચાર ચૈત્ય જીન જાણો;
પુજીત વિણુ પુજીતને વંદી, પરમાતમ પદ માણો રે. અલબેલી. ૨
જગદીપક એ જીનવર જાણો, કર્મ કરે છે કંદન;
પુજીત પંનરસેં પંચાવન; ચડે છે કેશર ચંદન રે. અલબેલી. ૩
પદમાસન તો તેર સતકને, પુરશ કળા પરમાણો;
એક સતક ત્યાસી અવિનાસી, કાઉસગ ધ્યાને જાણો રે. અલબેલી ૪
વિણુપુજીત તો જિનવરજાણો, ચાર સતક એકાવન,
અધર કોરણી ઓપી રહ્યા છે, પુજી થઇયે પાવનરે અલબેલી. ૫
પદમાસન પરમાતમ પેખ્યા, સતક ત્રણુ સત્યાસી;
કળા કામની કાઉસગ ધ્યાને, સોહે શિવપુર વાસી રે. અલબેલી. ૬

અચલ ગઢે પુજીત પદમાસન, સતક એક અઠાણું;
ચૌમુખ જીન જૈ નયણે નિર્ખે, જન્મ સફળ હું જાણું રે. અલબેલી ૭
ગરજીની અરજી જીનવરજી, હરજી સંઘવી સાથે;
સંખ્યા સરવે સુરિ રાજેંદ્ર; કીધી ધન મુની હાથે રે. અલબેલી. ૮
ભુજ. ભુતને. ભક્તિ. ભુમિ, ભારતિ. ભાલ. ભલુએ;
મૃગસર મૌન એકાદસી દીવશે, લેખ લખ્યો લલ્લુએ રે. અલબેલી. ૯

સમાપ્ત.

નિશ્ચેનિ [illegible] વાંચો [illegible] પ્રશ્નોત્તર [illegible]

" श्री चतुर्थ स्तुति निर्णय शंकोद्धार. "

આ પુસ્તકની અંદર મતાંતરીઓને શ્રીયુત જે જે પ્રશ્નો પૂછ્યા ચાલે છે, તે તે પ્રશ્નોનું પ્રાચીન મહેનતે સિદ્ધાંતની સાખો આપી પૂરી રીતે નિરાકરણ કરેલું છે. તેથી આ ગ્રંથ સમસ્ત ચતુર્વિધ શ્રી સંઘને ખચીત વાંચવા લાયક થયો છે. કાગળ ઇગ્લીશ, સુંદર છીંટનું પાકું પૂંઠું (૮૦૦) થી પણ વધારે પૃષ્ઠ અને [illegible] પણ અધિક વજન છે. છતાં કિંમત રૂપીયા બે. ટપાલ ખર્ચ જુદું.

" श्री प्रश्नामृत प्रश्नोत्तर तरंग. "

આ પુસ્તકની અંદર રૂપચંદજી નામના ઢુંઢકમતી સાધુએ (૧૨૫) પ્રશ્નો પુછેલા, તેનો ખુલાસા પૂર્વક જૈનશ્વે મુનિ શ્રી ધનવિજયજીએ આપેલા છે આ પ્રશ્નોત્તર પૂરેપૂરા વાંચવા યોગ્ય છે. પુસ્તકનું કદ રોયલ (૨૨) ફોર્મ, ઉંચા ઇગ્લીશ કાગળ અને અત્યંત સુંદર છીંટનું પાકું પૂંઠું બંધાવેલ છે. છતાં તેની કિંમત રૂપિયો એક ટપાલ ખર્ચ જુદું.

" श्री पंचप्रतिक्रमण सूत्र. "

જેમાં દેવસિ, રાઇ, પખ્ખી, ચઉમાસી અને સંવચ્છરી એ પાંચ પ્રતિક્રમણ તથા તે શિવાય બીજી [illegible] ઉપયોગી બાબતો સહિત કદ ડેમી સોળપેજી (૨૦) ફોર્મ, ઉંચા ઇગ્લીશ (૭૦) રતલી કાગળ, સુંદર છીંટનું પાકું પુંઠું બંધાવેલ છે. છતાં કિંમત રૂપિયો સવા ટપાલ ખર્ચ જુદું.

નુતનપુસ્તકો ટપાલખર્ચજુદું.

ઢુંઢક [illegible] પંચપ્રતિક્રમણ—અઢીઆના. મનહરમાળાના [illegible] અઢી આના. ઉપદેશમાળાના [illegible] અઢીઆના. સમકિત [illegible] (હિન્દી ભાષા) [illegible] આનો. [illegible] (બહાદુર [illegible]) [illegible] આનો. [illegible] [illegible] આનો. શ્રી વિજય [illegible] ચરિત્ર [illegible] આનો. [illegible] ([illegible]) [illegible] આનો. [illegible] અને [illegible] આનો. [illegible] અને [illegible]

[illegible]

[illegible]

[illegible]